**નમૂનો:-૩**

રૂ.૩૦૦-ના આધેશીવ સ્ટેમ્પ ઉપર

**બાંહેધરી પત્ર**

પ્રતિ,

મેનેજિંગ ડીરેક્ટરશ્રી,

ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ

બ્લોક નં.૨/૭ કર્મયોગી ભવન સે-૧૦, ગાંધીનગર

ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ(જેને અહીં હવે પછી "નિગમ" કહેવામાં આવ્યું છે. જે શબ્દ પ્રયોગમાં એના ઉતરાધિકારીઓ અને મુખત્યારોનો સમાવેશ થશે.) દ્વારા મારી / અમારી જામીનગીરીથી શ્રી---------------------------------------------------------------------------
(જેને અહીં હવે પછી મુખ્ય કરજદાર કહ્યાં છે.) કરજ આપવાના બદલામાં હું / અમે સંયુક્ત રીતે અને નિગમને બાંહેધરી આપું છું. / આપીએ છીએ કે હું અમે બાંહેધરી આપનાર પાસેથી માંગણી કર્યાના બે દિવસ પછી એવી તમામ ચાલુ અને ભવિષ્યની લોનની, જવાબદારીઓ , માંગણા અને પ્રોમિસરી નોટ, પછી એ મુખ્ય કરજદારો માટે એકલા અથવા કોઇપણ અન્ય વ્યક્તિ અથવા વ્યક્તિઓ સાથે આ તારીખ અગાઉ કે પછી સંયુક્ત રીતે આપવામાં આવી હોય/ આપ્યું હોય/ વટાવ આપ્યો હોય અને જેને નિગમે ધારણ કર્યા હોય એવાં તમામ બિલો, પ્રોનીસરી નોટો અથવા બાંહેધરીઓ અને જેના ઉપર એની સહી હોય અથવા વખતો વખત  નિગમ પ્રત્યે મુખ્ય કરજદારની કોઇપણ પ્રકારની દેવાદારપણાની સ્થિતી અને જવાબદારીઓની કાનૂની ચાર્જ અને ખર્ચા સહિત સંબંધ વ્યાજ/ કમિશન તથા અન્ય બેકીંગ ચાર્જ સાથે યોગ્ય રુપે ભરપાઇ તથા ચૂકવણું કરીશ / કરીશું. હું / અમે વધુમાં સંયુક્ત અને અલગ રીતે એવો કરાર કરુ છું./ કરીએ છીએ કે તે :-

૧. આ હેઠળ નિગમ પ્રત્યે મારી/અમારી જવાબદારી મુખ્ય કરજદારની રહેશે અને નિગમના અભિપ્રાય અનુસાર  નિગમ મને/અમને મુખ્ય કરજદારના કરજ અથવા એ સંબંધમાં વખતો વખત મુદ્દલ અથવા બાકી રકમ માટે પ્રાથમિક રીતે જવાબદાર ગણી શકશે. પરંતુ હંમેશા જે રકમ માટે હું/અમે આ બાહેધરીને આધીન જવાબદાર હોઇશ/હોઇશું એ રકમ રૂ!----------------------(અંકે રૂપિયા-----------------------------------) આવી તારીખ સુધી ચુકવવા જવાબદાર છું./છીએ અથવા જવાબદાર ગણી શકે એ વ્યાજથી વધુ નહિ હોય.

૨. જ્યાં સુધી નિગમ તરફથી આ બાંહેધરી સમાપ્ત કરવાની લેખિત સૂચના ન મળે ત્યાં સુધી એ મને / અમને અને મારા/અમારા વ્યક્તિગત પ્રતિનિધિઓને બંધનકારક રીતે ચાલુ જામીનગીરી રહેશે. અને એ અમારામાંથી કોઇ એક વ્યક્તિ અથવા વધુ વ્યક્તિઓ દ્વારા અને સમાપ્ત કરવામાં આવે અથવા અમારામાંની કોઇ વ્યક્તિ અથવા વધુ વ્યક્તિઓને છૂટા કરવામાં આવે અથવા સમય આપવામાં આવે અથવા અમારામાંની કોઇ પણ વ્યક્તિ અથવા વધુ વ્યક્તિઓને માફી આપવામાં આવે છતાં આ બાહેધરી અન્ય વ્યક્તિ/વ્યક્તિઓ સંબંધમાં એક ચાલુ રહેતી જામીનગીરી રહેશે અને નોટીસ આપી સમાપ્ત કરવામાં આવે તો પણ આ બાહેધરી આવી નોટીસ આપનાર પક્ષકારો સંબંધમાં નિગમ પ્રત્યે મુખ્ય કરજદારની તમામ દેવાદારીઓ અને જવાબદારીઓ હોય કે ભવિષ્યનાં સભ્ય કે સભ્યોએ ચૂકવવાપાત્ર હોય અને મુખ્ય કરજદાર માટે નિગમ દ્વારા સ્થાપિત તમામ કરજો માટે અને મુખ્ય કરજદારના ખાતા દ્વારા / માટે નિગમ પર લખેલ તથા એવી તારીખે કે અગાઉની તારીખે નાખેલ અથવા તારીખવાળા હોય તેવા તમામ ચેકો , ડ્રાફ્ટો , બિલો ,નોટો અથવા વટાઉખતો માટે, પછી ભલે નિગમ દ્વારા અને એવી તારીખ પછી રજૂ કરવામાં આવી હોય, ચૂકવણી કરવામાં આવી હોય તો પણ પ્રાપ્ત બની રહેશે. અને (કુલ રકમની ઉપર્યુક્ત મર્યાદાને આધિન ) લાગુ પડશે.

**જામીનદારની સહી** **કરજદારની સહી:-**

જામીન (૧) ------------------------------------ -----------------------------------------

જામીન (૨)------------------------------------

૩. આ બાંહેધરી એવી કોઇપણ જામીનગીરીઓકે જવાબદારીઓ ઉપરાંતની અને એના પ્રતિકુળ પ્રભાવ ન પાડનારી રહેશે કે જે આથી બાંહેધરી અપાયેલ કોઇપણ દેવાદારપણું અથવા જવાબદારીઓ સંબંધમાં નિગમ પાસે અત્યારે કે હવે પછી હોય અને તે સબંધી ઉપાયો અનામત રાખવામાં આવ્યા છે.

૪. આ બાંહેધરી કોઇપણ હિસાબોના/ હિસાબોની કોઇપણ આંશિક ચુકવણી અથવા કોઇપણ વધઘટ પતાવટથી અથવા કોઇપણ સમયે ખાતામાં જમા સિલક્ની હયાતીથી ચુકવી શકાશે નહીં અને એ અમલમાં ચાલુ રહેશે પછી ભલે મુખ્ય કરજદારની (નિગમ) હોવાને કારણે તેને અગાઉ જણાવ્યા પ્રમાણે આવી કરજ નિભાવ સવલતો અથવા લોન મેળવવાની કોઇ સત્તા ન હતી અથવા નથી અને એ કે એણે તેને મેળવવામાં પોતાની સત્તા ઓળંગી છે. અને ભલે કાયદાના અમલ અથવા અમારા પૈકીકોઇ એક વ્યકિત અથવા વધુ વ્યકિતોના મ્રુત્યુ થવાથી અને મારા અથવા અમારા પૈકી કોઇ એક અથવા વધુ વ્યકતિઓના મૃત્યુ થયે મારા/અમારા કાયદેસરના અંગત પ્રતિનિધિઓ અથવા મારી/અમારી એસ્ટેટની જવાબદારીઓ જ્યાં સુધી મારા/અમારા અને વહીવટકર્તાઓ અથવા એડમિનિસ્ટ્રેટર દ્વારા નિગમને આ બાંહેધરીનો અંત લાવવાના અભિપ્રાયની લેખિત નોટીસ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ચાલુ રહેશે પરંતુ આ બાંહેધરી કોઇપણ સમયે મારા/અમારા દ્વારા અથવા એમાંની કોઇ એક વ્યકતિ દ્વારા આ બાંહેધરીને આધીન ચુકવવાપાત્ર પુરી રકમની ચુકવણી કરવામાં આવતાં સમાપ્ત થશે.

૫. નિગમને એ બાબતનો પુર્ણ વિવેકાધિકાર રહેશે કે મને /અમને પુછાણ કર્યા વગર અથવા નોટીસ આપ્યા વગર અથવા મારી/અમારી સંમતિ લીધા વગર મુખ્ય કરજદાર અથવા કોઇપણ વ્યક્તિઓને જે આ દ્વારા બાંહેધરી અપાયેલ કરજદારપણું અથવા જવાબદારીની બાબતમાં જવાબદાર હોય તેને મુદ્દત આપે અથવા અન્ય પ્રકારે અનુગ્રહિત કરે પતાવટ અથવા વ્યવસ્થા કરીલે એ સંબંધમાં નિગમ દ્વારા હવે પછી ધારણ કરેલ કોઇ માંગણાં, નોટિસો ,ગીરો,ચાર્જ , ધારણાધિકારો અથવા કોઇપણ જામીનગીરીઓ , જવાબદારીઓ ડિક્રિઓને વખતો વખત પુરેપુરા અથવા અજાણતા ફેરફાર કરે, પૂર્ણ કરવામાંથી આલિપ્ત રહે,વિનિમય કરે,નવીકરણ કરે, વિમુક્ત કરે છૂટકારો કરે, પ્રવૃત કરે અથવા એનો સોદો કરે અથવા સામાન્ય રીતે મને/અમને એમ ગણે કે હું/અમે મુખ્ય કરજદારની સાથે પ્રાથમિક રૂપે તથા અલગ રીતે જવાબદાર છું /છીએ.

૬. એવો કરાર કરવામાં આવે છે કે આ બાંહેધરીના વિષય વસ્તુ સંબંધમાં મુખ્ય કરજદાર દ્વારા લેખિત રૂપે કે અન્યથા કરવામાં આવેલી સ્વીકૃતિ મને/અમને બંધનકર્તા રહેશે અને હું/અમે મુખ્ય કરજદારોને આપવામાં આવેલ એવા કોઇપણ હિસાબના પત્રકની સચ્ચાઇના, કે જે નિગમના કોઇપણ વ્યવસ્થાપક અથવા અધિકારી દ્વારા યોગ્ય રીતે પ્રમાણિત કરવામાં આવ્યું હોય,તેનો સ્વીકાર કરૂં છું/ કરીએ છીએ, અને હું / અમે વધુમાં એવા પણ કરાર કરૂં છું. / કરીએ છીએ કે સ્વીકૃતિ અથવા ચુકવણી કરવામાં એને ભારતીય મર્યાદા અધિનિયમ ૧૯૬૩ ના હેતુ માટે મારા/અમારા યોગ્ય રીતે અધિકૃત એજન્ટ ગણવામાં આવશે.

૭. હું / અમે વધુમાં વિશિષ્ટ રૂપે એ વાતનો પણ કરાર કરૂં છું / કરીએ છીએ કે, મુખ્ય કરજદાર/કરજદારોએ દસ્તાવેજનું નવીનીકરણ કર્યુ ન હોય અને મુખ્ય કરજદાર/કરજદારો દ્વારા ચૂકવવાની થતી રકમો સમય-મર્યાદા વટાવી જાય અને તમે મુખ્ય કરજદાર/કરજદારો વિરુધ્ધ કોઇ દાવો માંડીને,કાનૂની કાર્યવાહી કરીને અને વસૂલ કરી શકતા ન હો તો પણ બાંહેધરીનો અમલ ચાલુ રહેશે અને હું/અમે એને આધિન મુખ્ય કરજદાર/કરજદારો દ્વારા તરત અને આપને તમામ રકમો માટે જવાબદાર ચાલુ રહીશ/રહીશું.

**જામીનદારની સહી** **કરજદારની સહી**

જામીન (૧)------------------------------ --------------------------------

પુરૂ નામ

જામીન (૨)-----------------------------

પુરૂ નામ

૮. હું /અમે આથી એ વાતની સંમતિ આપું છું/ આપીએ છીએ કે તમે મુખ્ય કરજદાર / કરજદારો સાથે કરેલ આપના કોન્ટ્રાકટની શરતોમાં આપને જરૂરી જણાય એવા ફેરફાર કરી શકશો, એને/અમને આપવામાં આવેલ કોઈપણ કરજનો અંત લાવી શકશો/વધારી શકશો અને ફેરફાર કરી શકશો એને / અમને સમય આપવાનું અથવા એના પર /એમના પર દાવો ન માંડવાનું વચન આપી શકશે અને બાંહેધરી અપાયેલ કરજ માટે વિરૂધ્ધ કોઇ દાવો માંડીને કાનુની કાર્યવાહી કરીને અને વસુલાત કરી શકતા ન હોય તો પણ બાંહેધરીનો અમલ ચાલુ રહેશે અને હું/અમે આપના દ્વારા ધારણ કરાયેલ કોઇપણ જામીનગીરીને પોતાના કબજાથી અલગ કરી શકશે અને તે પ્રમાણે હું/અમે કરાર અધિનિયમની કલમ ૧૩૩,૧૩૪,૧૩૯ અને ૧૪૧ જામીનગીરીઓ પર આપેલ હક્કો પૈકી કોઇપણ દાવો કરવાનો / ના હક્કદાર થઇશું નહીં/ થશુ નહી.

૯. હું/અમે કોઇ સમયે આની શરતો પૈકી કોઇપણ શરત સાથે અસંગત તમામ જામીનપણા અથવા અન્ય અધિકારો જતાં કરૂં છું./કરીએ છીએ.

૧૦.નિગમને મુખ્ય કરજદાર અથવા ઉપર જણાવેલ નિગમને જવાબદાર એવી કોઇ વ્યકિત અથવા વ્યકિતઓ પાસેથી અથવા નિગમ દ્વારા ધારણ કરાયેલ કોઇ જામીનગીરીથી ચૂકવણું સ્વીકારે અથવા મુખ્ય કરજદાર કોઇ વ્યકિત હોય / વ્યકિતઓ હોય અને ઉપર જણાવ્યા પ્રમાણે / નિગમને જવાબદાર વ્યકિત / વ્યકિતઓ દેવાળીયો / નાદાર થઇ જાય અથવા એના / એમના લેણદાર સાથે કોઇ કરાર / સમજૂતિ કરે અથવા કંપની હોવાને કારણે ફડચામાં જાય તો નિગમને એ બાબતની છૂટ રહેશે કે એ મારી / અમારી જવાબદારી પૂર્ણ કર્યા વિના કોઇ સમજૂતી ,સમાધાન અથવા વ્યવસ્થા કરવાની અનુમતિ આપી શકશે અથવા નિગમના હિસાબ અથવા એની કોઇપણ બાબત સંબંધમાં પોતાને લેણદારોના રૂપે સાબિત કરી શકશે અને લેણદારના દરજ્જામાં થઇ શકશે અને એના પર લાભાંશ ( ડિવિન્ડ) મેળવી શકશે અને આ રીતે મેળવેલ તમામ ચૂકવણીઓ અને લાભાંશોને એકંદર ચૂકવણી ગણવામાં આવશે અને મારી / અમારી જવાબદારી , આ કરાર દ્વારા બાંહેધરી અપાયેલ કુલ રકમ માટે કોઇપણ સહજામીન દ્વારા કરવામાં આવેલ ચૂકવણીથી જુદી એવી ચૂકવણીઓ બાદ કર્યા પછી બાકી રહેનાર છેવટની બાકીની રકમ પર અને નિગમના સાથેના સમાધાનમાં જામીન તરીકેના મારા/ અમારા તમામ અધિકારો સંપૂર્ણપણે જતા કરીને / મને સોંપણી કરવાની બાબત સહિત લાગુ પડશે, પછી ભલે દેવાળીયાની પરિસ્થિતિ કોઇપણ હોય અને અથવા કાયદો એની વિરુધ્ધ કેમ ન હોય.

૧૧. હું / અમે આ બાબતનો કરાર કરીએ છીએ કે નિગમના હિસાબી ચોપડામાં જણાવેલ મુખ્ય કરજના ખાતાની નકલ (અથવા જો ખાતાને એ મુદ્દત કરતાં વધુ લંબાવવામાં આવ્યું હોય તો અગાઉના છ મહિના માટેના ખાતાના)જે કચેરીમાં ખાતુ રાખવામાં આવ્યું હોય એ કચેરી ના અથવા નિગમની કોઇપણ કચેરીના વ્યવસ્થાપકે સહી કરી હોય , એ આ બાંહેધરી હેઠળ મારા / અમારા વિરૂધ્ધ કરવામાં આવેલ કાર્યવાહીનો અન્ય કાર્યવાહીમાં મુખ્ય કરજદાર દ્વારા નિગમને એ વખતે ચૂકવવાની બાકી કોઇપણ રકમની વ્યવસ્થા કરવામાં મારી / અમારી વિરૂધ્ધનો નિર્ણાયક પુરાવો થશે.

૧૨. મુખ્ય કરજદાર લિમિટેડ કંપની, સંસ્થાપિત અથવા અસંસ્થાપિત મંડળ, સમિતિ પેઢી (ભાગીદારી પેઢી), ટ્રસ્ટી અથવા સંયુકત ખાતામાં કરજદાર હોય તો આમાં અગાઉ જણાવેલ જોગવાઇઓ, જયાં જરૂરી જણાય ત્યાં, આ પ્રમાણે અર્થઘટન કરવામાં આવશે અને એ પ્રમાણે અસરકારક રહેશે જાણે કે એક વચનવાળા શબ્દોમાં બહુવચનનોપણ સમાવેશ થશે ત્યારે મારી / અમારી બાંહેધરી કોઇનું મૃત્યુ થાય,કોઇ નિવૃત્ત થાય, કોઇ ફેરફાર થાય, કોઇની પદ પ્રાપ્તિ,કોઇ નો વધારો થાય તો પણ સંપૂર્ણપણે અસરકારક બની રહેશે જાણે કે આવા મંડળ,સમિતિ ,પેઢી,ભાગીદારી,ટ્રસ્ટીઓ અથવા સંયુકત ખાતા પર મુખ્ય કરજદાર દ્વારા કસૂર કરવાની તારીખે અથવા એ અગાઉના કોઇપણ સમયે રચના કરવાવાળાનાં રૂપે કામગીરી કરવાવાળી વ્યક્તિ અથવા કરવાની વ્યકતિઓ આની તારીખે ન હતી વધુમાં નિગમ મુખ્ય કરજદાર વતી કામગીરી કરવાવાળા અથવા કરવાની ઇચ્છાવાળાકોઇપણ એજન્ટની સત્તા બાબતમાં તપાસ કરવા માટે બંધાશે નહીં અને નિગમ એમાં એના અગાઉ જણાવેલ મર્યાદા સુધી મારી / અમારી પાસેથી વસુલ કરી શકશે પછી ભલે નિગમને આપેલી અથવા આપવામાં આવનાર કોઇપણ જામીનગીરી રદબાતલ , ખામીવાળી,ઔપચારિક અથવા અનૌપચારિક અથવા ભલે મુખ્ય કરજદાર લિમિટેડ કંપની, , સંસ્થાપિત અથવા અસંસ્થાપિત મંડળ,અથવા સમિતિ હોય તો એને ઉધાર લેવાની સત્તાઓ ન હોય અથવા એમાં ઉધાર લેવાની સત્તાઓ વટાવી નાંખી હોય અથવા નિગમ પાસેથી ઉધાર લેવાની પોતાની કોઇપણ સમયે રવાના બાબત સત્તા બહારની હોય.

**જામીનદાર (૧) ની સહી**--------------------------- **કરજદારની સહી**

**જામીનદાર (૨) ની સહી:**-------------------------- -------------------------

૧૩. આ બાંહેધરી એકલી લિમિટેડ કંપની દ્વારા આપવામાં આવતી હોય, તો તેમાં સમાવિષ્ટ જુદા-જુદા સંયુકઅને અલગ અલગ કરારો અલગ અલગ હોય એવી રીતે વાંચવામાં અથવા અર્થઘટન કરવામાં આવશે.

૧૪. આ હેઠળ વિનંતી, માત્ર કે અન્ય રૂપે નિગમ દ્વારા મને / અમને અથવા અમારા પૈકી કોઇ વ્યકિતને/વ્યકિતઓને જ નોટિસ આપી/શકશે અથવા મારા / અમારા અથવા અમારા પૈકી કોઇપણ વ્યકિતના ભારતમાંના વેપારીના અથવા રહેઠાણના ત્યાં સુધી જાણીતા/અગાઉના જાણીતા સરનામે નોટિસ મોકલી શકાશે, જેથી અગાઉ જણાવ્યા પ્રમાણે મને / અમને અથવા અમારા પૈકી કોઇપણ વ્યકિતને ટપાલ દ્વારા એ નોટિસ મોકલી શકાશે, અને જો એ ટપાલથી મોકલવામાં આવે એવું માનવામાં આવશે કે નોટિસ એ સમયે આપવામાં આવી છે કે જ્યારે તે યોગ્ય ક્રમથી આપવામાં આવી હોત અને એ સાબિત કરવા પર્યાપ્ત ગણાશે કે નોટિસવાળું પરબિડિયું ટપાલથી મોકલવામાં આવી હતી, ભારતમાં ગેરહાજરીને કારણે અથવા અન્યથા મને અમારા પૈકી કોઇપણ વ્યકિતને એવી સૂચના આપવામાં ન આવે તો એ બાંહેધરીની શરૂઆતના સમયમાં જણાવેલ શહેરમાં પ્રકાશિત કોઇપણ સમાચાર પત્રમાં એકવાર જાહેરાત રૂપે પ્રકાશિત કરવામાં આવેતો એવું સમજવામાં આવશે કે જે તારીખે આવી જાહેરાત થાય છે એ તારીખે અસરકારક રૂપે આપવામાં આવી છે અને મળી ગઇ છે.

જામીનગીરીમાં અમો/હું મકનવેરાની પહોંચ /૭અ/૮-૧૨ ના જમીનનો ઉતારો/મારી પગાર સ્લીપ આપું છું.

આજની તારીખ------------------------મહિનો---------------------------વર્ષ----------------

PHOTO

**કરજદારની સહી------------------**

**રૂબરૂ**

PHOTO

**સાક્ષીનું નામ :-**

**સરનામુ :-**

PHOTO

**જામીનદારની સહીઓ**

**(૧) જામીનની સહી :-**

**જામીનનું નામ :-**

**ફોન નંબર:-**

PHOTO

**જામીનદારની સહીઓ**

**(૨) જામીનની સહી :-**

**જામીનનું નામ :-**

**ફોન નંબર:-**

ગુજરાત બિન અનામત શૈ.અને આ.વિ.નિગમ વતી જીલ્લા મેનેજરશ્રી

જિલ્લા મેનેજરશ્રીની સહી)................................. સિક્કો:...................................

રૂ.૦.૨૫% લેખે ના આધેશીવ સ્ટેમ્પ ઉપર

**નમૂનો-૪**

**સાનગીરો**( વપરાશી/વસ્તુ/સાધનો/અભ્યાસ માટેની લોનનો) **કરાર**
**(હાઇપોથીકેશન /લોન એગ્રીમેન્ટ)**

પ્રતિ,

મેનેજિંગ ડીરેકટરશ્રી,

ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ

બ્લોક નં.૨/૭ કર્મયોગી ભવન સે-૧૦, ગાંધીનગર

ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ ("જેને હવે પછી અહીં નિગમ"કહ્યુ છે.) ને જેઓની લોન મંજૂર કરવામાં આવેલ છે તે અરજ્દાર શ્રી------------------------------------------------------ રહે.....................................મુ.પો.-----------તા.--------------------જિ.-----------------------------------( જેમને અહીં હવે પછી "કરજદાર" કહ્યા છે , અને જે શબ્દ પ્રયોગમાં તેઓના સંબંધિત વારસદારો ઉત્તરાધિકારિઓ નો હેતુ માટે સમાવેશ થયો હોવાનુ ગણાશે ) એ વિનંતી કરતાં તેઓને ---------------------------------------માટે ( જેને અહી હવે પછી " સાધન " કહેવામાં આવ્યુ છે. નિગમ નક્કી કરેલ જેને અહીં હવે પછી આપેલી અનુસુચિમાં વધુ વિસ્તારથી વર્ણવેલ છે.)અને અહીં હવે પછી જણાવેલ શરતોને આધિન રહી લોન આપી છે./આપવાની સંમતિ આપી છે.

આથી કરજદાર/ કરજદારો અને નિગમ વચ્ચે નીચે મુજબનો કરાર કરવામાં આવે છે.

૧. નિગમ કરજદારને અહીં હવે પછી આપેલ અનુસુચિમાં વિસ્તારથી વર્ણવેલ સાધનની કિંમતની મંજૂર થયેલ ધંધાકીય સ્વરોજગાર લક્ષી ધિરાણની નિગમની પોલીસી મુજબની રકમ રૂ!-------------------- ( અંકે રૂપિયા- ---------- ------------------)ની લોન આપશે.

૨. નિગમના હિસાબી રેકર્ડમાં લોન લેનાર નામનુ ખાતું ખોલવામાં આવશે. નાણાં કરજદારના ખાતામાં તેઓને આપેલ લોનની રકમ ઉધારવામાં આવશે.

૩. કરજદારો એ બાબતમાં સંમત થયા છે. અને બાંહેધરી આપી છે કે,એ આ રીતે આપવામાં આવેલી પુરેપુરી રકમનો ઉપયોગ તેઓના નામે વાહન /ધંધા/વ્યવસાય/અભ્યાસ માટે કરશે. અને તેના લોન મળવા તારીખથી ૩૦ દિવસની અંદર આવી ખરીદીનું ઉપયોગનુ મૂળ બિલ,વાઉચર અથવા પહોંચ નિગમને રજૂ કરશે.

**કરજદારની સહી.................................................**

૪. આ કરાર હેઠળ કરજદારને આપવામાં આવેલ લોન એક સરખા હ્તાઓમાં ભરપાઇકરવાની રહેશે, અને એ દરમિયાન એના પર સ્વરોજગાર લક્ષીયોજનામાં **Credit Line One** પ્રમાણે નિગમના નિયત દરથી વ્યાજ ચુકવવાનુ રહેશે. તથા સ્વરોજગાર લક્ષી યોજનામાં **Credit Line One** પ્રમાણે વાર્ષિક ૫% ના દરે વ્યાજ ચુકવવાનુ રહેશે. અને અન્ય ધિરાણની યોજનામાં પ્રમાણે વાર્ષિક ૪% ( સ્ત્રીઓ)તથા ૫% ( પુરૂષોએ) વ્યાજદર ચુકવવાનુ રહેશે.અને કરજદાર નિયમિત હપ્તાઓ ન ભરે તો કરજદારે વાર્ષિકર.૫%ના દરે દંડનીય વ્યાજ ચુકવવાનુ રહેશે.કરજદાર વ્યાજદર અંગ્રેજી માસના અંતે ચુકવવાનું રહેશે અને તે રીતે વ્યાજ ચુકવવામાં ન આવે તો તેના ખાતામાંતે ચડત થશે અને તેનુ મુડીમાં રૂપાંતર કરવામાં આવશે,અને ઉપર જણાવ્યા પ્રમાણે તેનું વ્યાજ ગણવામાં આવશે.ઉપર જણાવેલ કોઇપણ બાબત કરજદારને હપ્તાની અથવા વ્યાજની માસિક ચૂકવણીમાં કસૂર કરવા અધિકૃત કરે છે, એમ સમજવું નહિ.

૫. કરજદાર કરાર કરે છે કે એ આ ધંધા માટે વસાવેલ જરૂરી સાધનને પોતાના નામે નોંધણી કરશે, અને નોંધણી માણપત્રમાં એવો શેરો કરાવશે કે એ સાધન/આપેલ લોન નિગમને સાનગીરો કરેલ છે. કરજદાર લોન અને તેના પર નીકળતુ વ્યાજ અને આ કરાર હેઠળ ચુકવવાની થતી તમામ રકમ આ નિગમને પુરેપુરી ન ચુકવે ત્યાં સુધી નોંધણી પ્રમાણપત્રોમાં નો શેરો રદ કરાવશે નહીં સાધનની નોંધણીના તમામ દર, કરની ચુકવણી, લાયસન્સની ફી અથવા વીમાનાં પ્રિમિયમો કરજદાર ચુકવશે. વિમો લીધા અંગેનો પુરાવો કરજદાર દર વર્ષે નિગમને મોકલી આપશે

૬. કરજદાર એણે ચુકવવાના થતા માસિક હપ્તા નિયત તારીખોએ ચુકવવામાં નિષ્ફળ જશે તો,લોનની બાકી રહેલી તમામ રકમ અને વ્યાજ કરજદાર દ્વારા તરત જ ચુકવવા પાત્ર થશે અને કરજદારે નિગમ તેના અબાધિત સ્વવિવેકથી નક્કી કરે એ દરે દંડનીય વ્યાજ અને લોનની વસુલાત – અથવા સાધનની જાળવણી અને રક્ષણ માટે નિગમે કરેલ તમામ કિંમત,ચાર્જ અને ખર્ચ ચુકવવાના રહેશે, સિવાય કે નિગમે હપ્તાની ચુકવણી મુલ્તવી રાખવા માટે લેખિતમાં સંમતિ આપી હોય.

૭. કરજદાર દ્વારા નિગમને કરવાની થતી લોનની ભરપાઇની સલામતી રૂપે કરજદાર આથી બોજા તરીકે સાધનને નિગમની તરફેણમાં સાનગીરો કરી આપે છે.

**કરજદારની સહી**------------------

૮. કરજ્દાર જાહેર કરે છે કે એ વાહન માટે આપેલ લોન અન્વયેનો માલિકી હકક નિગમનો રહેશે અને લોનની રકમ અને તેના પર નીકળતું વ્યાજ અને કરજદાર દ્વારા નિગમના લેણી એવી તમામ રકમો ચુકવવામાં ન આવે ત્યાં સુધી એનો કોઇપણ રીતે સોદો કરશે નહીં

૯. કરજદાર કરાર કરે છે કે એ સ્થાનિક માર્ગ વાહન વ્યવહાર સત્તાધિકારી દ્વારા સાધનની નોંધણી પુસ્તિકામાં નોંધેલ નોંધણી અંગેની તમામ વિગતો નિગમને આપશે અને નિગમના બોજાની નોંધણી પુસ્તિકામાં નોંધ કરાવશે અને આવી તમામ વિગતો આ કરારની તારીખથી ૧૫ દિવસની અંદર અથવા નિગમ દ્વારા લંબાવવામાં આવી હોય તે મુદ્દત સુધીમાં નિગમને આપશે.

૧૦. નિગમ કોઇ આકસ્મિક સંજોગોમાં પુરતુ અને સંતોષકારક કારણ દયાનમાં લઇ કરજદારની વિનંતીથી કોઇપણ માસિક હપ્તો અથવા હપ્તાની ચુકવણી કોઇ પણ મુદ્દત સુધી મુલ્તવી રાખવાની પરવાનગી આપી શકશે અને જે માટે મુદ્દત વધારી આપી છે એવા વણચુકવાયેલ હપ્તાઓની રકમ પર ૧% વધારાનો ચાર્જ લઇ શકશે અને કરજદાર ખાતે ઉધારી શકશે

૧૧. કરજદાર કરાર કરે છે કે પોતાના સાધનના તમામ જોખમો ( ત્રાહિત જોખમો સહિત ) સામે નિગમે માન્ય કરેલ વીમા કંપની પાસે વીમો ઉતારશે અને ચાલુ રાખશે અને વીમાની પોલીસી નિગમના નામે એસાઇન કરશે અને આવી પોલીસીનું પ્રિમિયમ સમયસર ભરશે. આમાં કસુર થાય તો તે અંગેની તમામ જવાબદારી કરજદારની રહેશે. નિગમના આ કરાર ચાલુ હોય એ દરમ્યાન કોઇપણ વખતે કરજદાર આ કરારને આધિન સાનગીરો રાખેલ સાધનનો પૂર, હડતાલ, હુલ્લડ, અને કુદરતી હોનારતો જેવા જોખમો સામે વીમો ઉતરાવશે.

૧૨. કરજદાર કરાર કરે છે કે એ પોતાના સાધનને ચાલુ હાલતમાં અને સારી સ્થિતિમાં રાખશે અને જેમ અને જ્યારે આવશ્યક જણાય ત્યારે તેની મરામત કરાવશે. સાધનને કોઇ નુકશાન થયું હોય ત્યારે કરજદાર વીમા કંપનીને અરજી કરતાં એની પાસેથી મળેલી રકમનો ઉપયોગ આવી મરામતોનાં બિલોના ચુકવણી માટે કરશે.

૧૩. કરજદાર આથી કરાર કરે છે કે એ નિગમને સાનગીરો કરેલ સાધનને કોઇપણ કારણસર હાનિ અથવા નાશ થતાં થનાર નુકશાની અંગે કરાનાર કોઇપણ દાવાની વિરૂદ્ધ અથવા સાધન સંબંધી ત્રાહિતોના કોઇપણ પ્રકારના તમામ દાવા સામે નિગમને અને અથવા એના અધિકારીઓ,કર્મચારીઓ અથવા એજન્ટને ક્ષતિપુર્તિ કરશે.અને નુકશાન ભરપાઇ કરશે. સાધનને નિગમના કોઇપણ અધિકારી કે કર્મચારી જોવા માંગે ત્યારે તપાસવા આપશે.

**કરજદારની સહી-------------------------------------**

૧૪. કરજદાર નિગમને બાકી રકમ અથવા કોઇપણ બીજી રકમો કે જે આ કરાર અન્વયે/આધારે નિગમને ચુકવવાપાત્ર બાબત તેને ચુકવવામાં નિષ્ફળ જાય અથવા કરજદાર અહીં જણાવેલ કોઇપણ શરતનુ પાલન કરવામાં નિષ્ફળ જાય અથવા કરજદાર નાદાર થઇ જાય અથવા નાદાર ન્યાય નિર્ણિત થાય અથવા કોઇપણ કારણસર નિગમ એવું સમજે જે જામીનગીરીમાં જોખમ છે. અથવા કોઇ એવી પરિસ્થિતિ ઉભી થાય કે નિગમના અભિપ્રાય પ્રમાણે જામીનગીરી પર વિપરીત અસર પહોંચાડે છે. અથવા એને જોખમમાં મુકે છે. અથવા જોખમમાં મુકી શકે એમ છે, તો કરજદાર ખાતરી આપે છે કે નિગમ માગે ત્યારે કોઇપણ પ્રશ્ન ઉઠાવ્યા વગર એ સાધન નિગમને આપી દેશે અથવા નિગમને સાધન સોંપવાની વ્યવસ્થા કરવાના ઉપાય કરશે, અને એની નોંધણી નિગમ અથવા નિગમ દ્વારા નામ નિયુકત વ્યકતિઓના નામે તબદિલ કરી આપશે, જેથી નિગમને આપવાની રકમની વસુલાત માટે સાધનને વેચી શકે અથવા સાધનનો અન્ય રીતે નિકાલ કરી શકે અને કોઇ પણ બનાવ કે પરિસ્થિતિ ઉભી થયા પછી નિગમ કોઇપણ સમયે સાધનને તે જ્યાંથી મળે ત્યાંથી જપ્ત કરવા વસુલ કરવા અને એનો કબજો લેવાનો અને એ હેતુ માટે જ્યાં વાહન પડ્યુ હોય એવા મકાન-વિસ્તાર ( પરિસર ) માં પ્રવેશ કરવાનો હકક રહેશે અને કરજદાર અથવા કરજદારના પ્રતિનિધિઓ ( એજન્ટો ) નિગમને સાધનનો કબજો લેવામાંથી રોકાશે નહિ અને નિગમ માટે એ કાયદેસર ગણાશે કે એ તરત અથવા એ પછી કોઇપણ સમયે અને કરજદારને કોઇપણ સૂચના આપ્યા વિના, નિગમના અન્ય અધિકારો અને ઉપાયો પર પ્રતિકુળ અસર પાડ્યા વિના સાનગીરો રાખેલ સાધનને વેચી શકે અથવા એનો સોદો કરે જે અન્વયે થનાર હાનિ માટે નિગમ જવાબદાર નહિ ગણાય અને ચોખ્ખી વેચાણ ઉપજનો ઉપયોગ આ કરારને આધીન નિગમને આ હેઠળ ચુકવવાપાત્ર બાકી રકમની ભરપાઇ અને નિગમ દ્વારા કરેલ અથવા કરાનાર તમામ કિંમત ચાર્જ અને ખર્ચ માટે કરવો અને નિગમના વ્યવસ્થાપક અથવા નિગમના તે વખતે યોગ્ય રીતે અધિકુત અધિકારી દ્વારા આ રીતે નક્કી કરાયેલ અને પ્રમાણિત કરાયેલ અને સહી કરાયેલ રકમ કરજદારને બંધનકારક થશે અને નાણાં કરજદાર કરાર કરે છે કે એ કોઇ અન્ય વાઉચર કે કાગળ રજૂ કરવાની અપેક્ષા રાખ્યા વિના એ તે સચ્ચાઇની પુરતી સાબિતીના રૂપે સ્વીકારશે અને ચોખ્ખી વેચાણ-ઉપજના આ કરાર અન્વયે નિગમને ચુકવવા પાત્ર બાકી રકમની ભરપાઇ માટે અપર્યાપ્ત હોય તે નિગમને એની છુટ રહેશે કે એ કોઇપણ એવી રકમ / કોઇપણ એવી રકમો છે જે નિગમના પાસે હોય અને કરજદારના નામે હોય અથવા કરજદારની હોય એવી બાકી રકમની ચૂકવણીમાં / વસૂલાત / સરભર કરી શકશે, અને આમ કરવા છતાં પણ રકમ ઓછી પડે તો કરજદાર આવી બાકી રકમ તરત ભરપાઇ કરશે .

**કરજદારની સહી**-------------------------------------

૧૫. આવી વેચાણ ઉપજમાંથી કોઇ વધારેલી રકમ બાકી રહે તો નિગમ માટે આ કાયદેસરનુ ગણાશે કે એ ઉકત વધારાની રકમનો ઉપયોગ જયાં સુધી એ હોય ત્યાં સુધી આવી કોઇપણ રકમનો ભરપાઇ કે ચુકવણીમાં જે કરજદારનુ અન્ય કોઇ દેવું અથવા જવાબદારીને કારણે નિગમને ચુકવવાનુ બાકી હોય પછી એ દેવું / જવાબદારી હાલની હોય કે ભવિષ્યની હોય અને એ એના એકલાની કે કોઇ અન્ય વ્યકતિ / વ્યકતિઓ સાથેનું સંયુકત રૂપે હોય ,અને એ પ્રાથમિક હોય અથવા સંયુકત હોય એવા દરે અથવા એવી રીતે વ્યાજ, કિંમત ચાર્જ અને ખર્ચ સહિત સંબંધિત દસ્તાવેજોમાં જણાવ્યુ હોય એવી રીતે કરશે અને અગાઉ જણાવ્યા પ્રમાણે તમામ જવાબદારીઓની સરભર પછી કોઇ વધારાની રકમ બાકી રહે ,તો નિગમ કરજદાર માટે રાખશે આ ઉપરાંત લોનના હપ્તાઓ/લોન ભરવામાં નિષ્ફળ જશે તો નિગમ અન્ય હક્કો અબાધિત રાખીને વાહન લોન લેનારના કબજામાંથી મેળવી તેનું વેચાણ કરી શકશે અને તેમાંથી પ્રથમ નિગમને સાધન વેચાણ મળતા જે ખર્ચ આવ્યું હોય તે વાળી લઇ વધતી રકમ લોન ખાતામાં જમા કરશે.

૧૬. આમાં જ્ણાવેલ કોઇપણ બાબતથી એમ સમજવુ નહીં કે નિગમ પ્રત્યે નાણાં ઉછીના લેનાર કોઇપણ દેવા કે જવાબદારી બાબતમાં કોઇપણ વર્તમાન કે ભવિષ્યની જામીનગીરીઓ ,બાહેંધરીઓ ડિક્રિની બાબતમાં નિગમના હક્કો અથવા ઉપાયોને ( જે આ દ્વારા સ્પષ્ટ રૂપે કે કરાર કરવામાં આવે છે કે એ નિગમને પ્રાપ્ત થશે.) વિપરીત રૂપે અસર કરે છે,પછી એ દેવું કે જવાબદારી વ્યકતિગત રૂપે કે કોઇપણ અન્ય વ્યક્તિઓની સાથે સંયુકત રૂપે હોય અને ભલે આમાં નિર્દિષ્ટ ઉકત જામીનગીરીઓ, બાંહેધરી અથવા ડિક્રિ કોઇપણ હદ સુધી અથવા કોઇપણ રીતે નવી કરાયેલ, બદલાયેલ અથવા જુદી કરાયેલ હોય.

૧૭. કરજદાર એની પાસે માંગણી કરવામાં આવે ત્યારે નિગમ દ્વારા આ કરારને બજાવવા અસરકારક બનવવા અથવા અમલ કરવા અથવા વેચાણ કરવાની સત્તાના ઉપયોગની બાબતમાં અથવા આ કરારથી ઉત્પન્ન થયેલ અથવા આ કરારના પ્રસંગમાં ઉભી થયેલ કામગીરી ,કૃત્ય વિષય કે વાતની બાબતમાં કરવામાં આવ્યા હોય એ મુખ્ત્યાર અને ગ્રાહક વચ્ચેના નિગમના તમામ કિંમત ,કર્જ અને ખર્ચાની ચુકવણી કરશે. અને અગાઉ જણાવેલ દરે અને રીતે એના પરના વ્યાજની પણ ચુકવણી કરશે.

૧૮. આ કરાર અને એ દ્વારા સાનગીરોના રૂપે આપવામાં આવેલ જામીનગીરી નિગમને આને આધીન છેવટ સુધી આપવાની બાકી રહેતી રકમ માટે એક સળંગ જામીનગીરીરૂપે રહેશે. અને આ જામીનગીરી જ્યાં સુધી આ કરારને નિગમ દ્વારા અથવા પક્ષો દ્રારા પરસ્પર સંમતિથી રદ ન કરવામાં આવે ત્યાં સુધી ચાલુ રહેશે,અને નિગમ દ્વારા રદ કરવાની આ બાબત અગાઉ ઉભી કરેલી જવાબદારીઓને અસર કરશે નહિ.

૧૯. આ કરાર અન્વયે આપવી જરૂરી કોઇપણ નોટિસ લેખિત રૂપમાં હશે અને એ ટપાલથી મોકલવામાં આવી હોય અને એ જેને માટે અભિપ્રેત હોય તે વ્યકતિને તેની કામગીરીના છેવટના જાણીતા સ્થળના સરનામે ઉદ્દેશીને લખી હોય તો એ યોગ્ય રૂપે આપી હોવાનુ ગણાશે, અને આવી દરેક નોટિસ ટપાલ દ્વારા મોકલવામાં જનારો સામાન્ય સમય પુરો થયે સબંધિત વ્યકતિઓએ સ્વીકારી હોવાની ગણવામાં આવશે.

**કરજદારની સહી------------------------------------------**

૨૦. કરજદારે-વસાવેલી-ખરીદેલી ચીજ-વસ્તુ કે સેવાની નિગમનાં અધિકૃત વ્યક્તિ કોઇપણ સમયે નોટીસ આપ્યા વગર ચકાસણી કરી શકશે. ફોટો-વિડીયો લઇ શકશે અને તેનો નિગમની કામગીરીના પ્રચાર-પ્રસાર માટે ઉપયોગ કરી શકશે. કરજદારે-વસાવેલી-ખરીદેલી ચીજ-વસ્તુ કે સેવામાં કોઇ ખામી કે ગેરરીતી જણાશે તો કરજદારે નિગમના લોન તથા વ્યાજ તુંરત પરત કરવાની રહેશે. જેમાં નિષ્ફળ ગયે આ ચીજવસ્તુઓનો કબ્જો પણ લઇ શકશે.જેનો નિકાલ કરી, નિગમનુ કરજ વસુલ કરી શકાશે.

૨૧. નિગમ અને કરજદાર વચ્ચે ખાસ કરાર કરવામાં આવે છે કે, નિગમે નક્કી કરેલ માસિક હપ્તો કરજદારે દર અંગ્રેજી મહિનાની ૧ થી ૧૦ તારીખ વચ્ચે ભરવાનો રહેશે. કોઇ એક પણ હપ્તો ભરવામાં કરજદાર નિષ્ફળ જશે તો આ ખાસ કરાર મુજબ નિગમ અથવા નિગમે સત્તા આપેલી એજન્સીએ કરજદારને જે વાહન/સાધન માટે લોન આપેલ છે તે વાહન નં........................... અથવા સાધન ........................... જપ્તીમાં લઈ શકશે. અને જ્યાં સુધી બાકી રહેલ હપ્તા અને તેના ઉપર થતા વ્યાજ અને નિગમે નક્કી કરેલ દંડનીય વ્યાજ કરજદાર ભરપાઈ ન કરે ત્યાં સુધી ઉપરોક્ત વાહન/સાધન ઉપર નિગમની જપ્તી ચાલુ રહેશે. ઉપરોક્ત વાહન/સાધન જપ્તીમાં લેવા સામે કરજદાર કોઈપણ અડચણ ઊભી કરશે નહી અને તેમ કરે તો કાયદાકીય રાહે દિવાની અને ફોઝદારી કેશ નિગમ કરજદાર સામે કરી શકશે.

૨૨. આ કરાર હેઠળ કોઇ વાદ-વિવાદ કે વાંધો ઉપસ્થિત થાય તો તે અન્વયે ન્યાયનું કાર્યક્ષેત્ર ગાંધીનગરની હકુમત હેઠળની કોર્ટ રહેશે.

ઉપરની કોઇ પણ શરતનું લોન લેનાર ઉલ્લંઘન કરશે તો લોન અન્વયે લેણી રહેતી બધી હપ્તાની રકમ નિયત મુદ્દતને દયાનમાં લીધા સિવાય એકી સાથે વસુલ કરવા નિગમ હક્કદાર છે.

**ઉપર જણાવેલ**

કરજદારે માહે -------------------------------- ના તારીખ ------------------------------ના રોજ --------------------------------- જેની સાખ રૂપે નીચે જણાવેલ સાક્ષીઓએ તેઓની રૂબરૂમાં સહીઓ કરી આપેલ છે.

PHOTO

(૧) કરજદારની સહી------------------

**કરજદારનું નામ**
**તથા સરનામું:**
**ફોન નંબર:-**

PHOTO

**(૨)**સાક્ષીની સહી:-
સાક્ષીનું નામ :-
સરનામુ :-
ફોન નંબર:-

PHOTO

**(3)**સાક્ષીની સહી:-
સાક્ષીનું નામ :-
સરનામુ :-
ફોન નંબર:-

ગુજરાત બિન અનામત શૈ.અને આ.વિ.નિગમ વતી જીલ્લા મેનેજરશ્રી

જિલ્લા મેનેજરશ્રીની સહી)................................. સિક્કો:...................................

લાભાર્થીનું નામ : ..................................................

સરનામું : ..................................................

રૂપિયા :.........................................

તારીખ : ..................................................

# માંગણી હૂંડી પત્ર (ડિમાન્ડ પ્રોમેશરી નોટ)

આપની માંગણી થતાં હું ..........................................................................................................................................
વ્યક્તિગત રીતે હું 'ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ' ગાંધીનગરને ખાત્રી આપું છું કે તારીખ ........................... ના રોજ મને 'ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ' ગાંધીનગર તરફથી રૂપિયા ...................................................................... અંકે રૂપિયા.......................................................................................................... ) માટે મળેલ છે. તે રકમ વાર્ષિક ............................... ટકાના વ્યાજ દરે ત્રિમાસિક ચઢતા વ્યાજ સહિત આપવા વચન આપુ છું. વ્યાજનો દર ' ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ' ગાંધીનગર દ્રારા વખતોવખત થતા ફેરફારને આધીન રહેશે.

| ત્રણ રૂપિયાની રેવન્યુ સ્ટેમ્પ |
|---|

**(કરજદારની સહી)**

-----------------------------------------------------------------------------------------------------------

**(રૂ૩૦૦/- ના અધેશીવ સ્ટેમ્પ ઉપર)**

લાભાર્થીનું નામ : ..................................................

સરનામું : ..................................................

તારીખ : ..................................................

પ્રતિ,
મેનેજીંગ ડીરેકટરશ્રી,
ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ,
બ્લોક નં- ૨/૭, કર્મયોગી ભવન , સેકટર- ૧૦,
ગાંધીનગર.

## ખાતરી પત્રક

શ્રીમાન,
આપના તરફથી..................................................................માટે રૂ........................................................................ અંકે રૂપિયા (..........................................................................................) નું ધિરાણ મળેલ છે. અને જેનો હિસાબશ્રી.................................. ....................................................................... ના નામે ચાલે છે. અને જેની રકમ .............................. ........................... અંકે રૂપિયા .......................................................................... વાર્ષિક ................................... ટકાના દરે ત્રિમાસિક ચઢતા વ્યાજ સહિત, જે અંગે મેં તમોને ડીમાન્ટ પ્રોમીસરી નોટ ઉપર મારી સહી પણ કરી આપેલ છે. જે મને સંપૂર્ણ રીતે બંધનકર્તા છે. એની મને પૂરી જાણકારી છે. આથી હું એવી કબુલાત આપું છું કે ઉક્ત પ્રોમીસરી નોટ બધા ઉચાપત, ગોટાળા, ગેરવહિવટ, બેદરકારી, નિષ્ફળતા, ગેરવર્તણુંક, કસૂર, આજ્ઞાભંગચૂક, નાદારી અથવા બેલેન્સમાં વધઘટ અથવા બીજી વખતોવખતના સમયે થતા ભંગ વખતેપણ આ ખત અન્વયે મારી વ્યક્તિગત જવાબદારી ચાલુ રહેશે. મારા હિસાબો દ્રારા થતી હપ્તાની ચૂકવણી વ્યાજ સાથે જ્યારે જ્યારે માંગણી કરવામાં આવશે ત્યારે માસિક હપ્તામાં ભરવા હું મારી સંમતિ અને ખાત્રી આપું છું.
કોઈ કાબૂ બહારના કારણોસર કે કોઇ પણ સંજોગોમાં આથી હું લેખીત ખાત્રી આપુ છું કે આ ખત અન્વયે અમારી સંયુક્ત અને વ્યક્તિગત જવાબદારી ચાલુ રહેશે.

આપનો વિશ્વાસુ

(કરજદારની સહી)

**નમુનો – ૫**

**ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ**

**........................................................જી..............................**

જાવક નં.બિનિ/બોજાનોંધ/૨૦૧૮-૧૯/ તા: / / ૨૦૨૨

તલાટીકમમંત્રીશ્રી/નાયબ મામલતદારશ્રી ઇ-ધરા/સીટી સર્વે સુપ્રિટેન્ડશ્રી/ચીફ ઓફીસરશ્રી,નગરપાલીકા,

-----------------------------------------------------------

જી-------------------

**<u>વિષય : બોજાનોંધની નોંધણી બાબત</u>**

ઉપરોક્ત વિષય જણાવવાનું કે,નીચેની વિગતે દર્શાવેલ અરજદારે તેઓને લોન ધિરવામાં આવતા તેઓએ પોતાની મિલકત કે તેમના[ જામીનદારની મિલકત **<u>ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ,ગાંધીનગર</u>** ને ગીરોખત કરી આપેલ હોઇ ગામના નમૂના નંબર : હક્કપત્ર ૬ તથા ૮-અ અને ૭/૧૨ માં જામીનગીરીની બોજાની નોંધ કરી આપવા તથા આ પત્રકમાં નીચે સહી સિક્કો કરી તે અરજદારે પરત કરશોજી.

| ક્રમાંક | લોન લેનારનું નામ અને સરનામું | જમીન/મિલકત ધારણકરનારનું નામ(જામીનદારનું નામ) | ગામ/શહેર નું નામ | બોજામાં મુકેલ મિલકતનીવિગત જમીન/મકાન | | | | ગુજરાત બિ.અ.શૈ. અને આ. વિ. નિગમ,.ને અગ્રહક્ક સ્થાપિત કર્યા બાદ તલાટીકમમંત્રીશ્રી/મામલતદારશ્રી/સીટી એ સર્વે સુપ્રિટેન્ડશ્રી |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | સર્વે નંબર | ક્ષેત્રફળ | ખુંટ વર્ણન | ગીરોખતલોનની રકમ તથા તારીખ | |
| | | | | | | | | નોંધ નંબર........................<br>તા........................ થી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની તરફેણમાં બોજા પાડવામાં આવેલ છે.<br><br>(સંબંધિત સત્તા અધિકારીની સહી) |

**અરજદારની સહી ..............................................................જામીનદારની સહી.....................................................** **જિલ્લા મેનેજર**

સાક્ષીની સહી ....................................................................................... ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ